સુરત શહેર અમરોલી પો.સ્ટે. વિસ્તારમાંથી બે ઓડીશાવાસી ઈસમોને ૩૦૩.૧૩૦ **KG** ગાંજાના જથ્થા સહિત કુલ કિં.રૂ.૧૮,૨૩,૭૮૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી અમરોલી પો.સ્ટે./એસ.ઓ.જી. ટીમ

સુરત શહેરમાં માદક પદાર્થ **(N.D.P.S.)** અંગેના કેસો શોધી કાઢવા એસ.ઓ.જી. તથા અમરોલી પો.સ્ટે. ના પોલીસ માણસો અમરોલી પો.સ્ટે. વિસ્તાર બંદોબસ્ત પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન **PSI** વી.સી.જાડેજા નાઓને મળેલ બાતમી આધારે અમરોલી માનસરોવર સર્કલ નજીક શીરડીધામ સોસાયટી પ્લોટ નં.૨૧ રૂમ નં.૦૧ ખાતે રેઈડ કરી આરોપીઓ (૧) કાર્તિક ઉર્ફે સલમાન **S/O** ગંગાધર સ્વાંઈ ઉ.વ.૩૨ રહે.એજન તથા પ્લોટ નં.૪૫ રૂમ નં.૦૨, પહેલો માળ શીરડીધામ સોસા., માન સરોવર સર્કલ નજીક અમરોલી, સુરત મુળ વતન ગામ કલીયાગુડા થાના ગાંગપુર જી.ગંજામ (ઓડીશા) (૨) સાગર ઉર્ફે બુટ્ટુ **S/O** જગા બિસ્વાલ ઉ.વ.૨૫ રહે.ઘર નં.૮૨૪, અંબીકાનગર સોસાયટી, પાર્થ સોસાયટીની બાજુમાં ગુ.હા. બોર્ડ સાયણ રોડ, અમરોલી, સુરત મુળવતન ગામ મંતાપડા થાના આસ્કા જી.ગંજામ (ઓડીશા) નાઓને ઝડપી પાડી તેના મકાનમાંથી ગેરકાયદેસર પાસ પરમીટ વગરનો ગાંજાનો જથ્થો વજન ૩૦૩ કિલો ૧૩૦ ગ્રામ કિં.રૂ.૧૮,૧૮,૭૮૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૩ કિં.રૂ.૫૦૦૦/- મળી કુલ્લે રૂ.૧૮,૨૩,૭૮૦/- ની મત્તાનો મુદામાલ કબ્જે કરી મજકુર આરોપીઓની **N.D.P.S.** એક્ટ મુજબ ધરપકડ કરી, ગાંજાનો જથ્થો આપનાર રાજુ નામનો ઈસમ જેના પુરા નામ સરનામાની ખબર નથી તેને વોન્ટેડ જાહેર કરી આરોપીઓ વિરૂધ્ધ અમરોલી પો.સ્ટે.માં **N.D.P.S.** એક્ટ મુજબ ગુન્હો રજી.કરવામાં આવેલ છે.